ક્રમાંક:મા-1/પરિપત્ર/૨૦૨૩/10859
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા. ૧૨/૦૭/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ તરફ "સંસ્કૃત ગૌરવ પરીક્ષા"માં ભાગ લેવા જાણ તથા અમલ સારૂ....

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.-સુરત

Scanned with CamScanner

ક્રમાંક:પ્રાશિનિ/ઙ-૨/સંકલન/૨૦૨૩/૨૩૧૪-૨૪૦૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર. તા. ૦૬/૦૭/૨૦૨૩

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ થી ૮ ના બાળકોને "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" માં ભાગ લેવા બાબત.

સંદર્ભઃ- (૧) સંસ્કૃત ભારતી, અમદાવાદનો પત્ર તા. ૦૧/૦૭/૨૦૨૩
(૨) ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- ૨૦૨૩/30 તા. ૦૪/૦૭/૨૦૨૩

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંસ્કૃતભારતી સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત-સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કૃત ભાષાના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરે છે. તે અંતર્ગત રાજયની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષાની સરળતા અને માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" પ્રકલ્પ ચાલી રહયો છે. સદર પરીક્ષાનું કાર્ય અમદાવાદથી ચાલી રહ્યું છે.

"સંસ્કૃત ગૌરવ પરીક્ષા" દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે સંભવિત તા. ૦૯/૧૨/૨૦૨૩ ને શનિવારના રોજ યોજવામાં આવનાર છે. જે અંતર્ગત શાળાઓમાં સ્વૈચ્છાએ ભાગ લેવા ઇચ્છતા બાળકોની વિગતો મોકલવાની તારીખ પરીક્ષા ફી તથા અન્ય વિગતો દર્શાવતુ પત્રક આ સાથે સામેલ રાખેલ છે. જે અંતર્ગત ચાલુ વર્ષે શાળાઓના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને સ્વૈચ્છાએ ભાગ લેવા પ્રોત્સાહીત કરવાના રહેશે.

સદર પરીક્ષા તા. ૦૯/૧૨/૨૦૨૩ ને શનિવારના રોજ લેવાનાર છે અને પ્રવેશપત્રો ભરીને મોકલવાની છેલ્લી તા. ૦૪/૧૦/૨૦૨૩ છે.

**<u>પરીક્ષા પ્રણાલી</u>**

(ક) કેન્દ્રમાં પરીક્ષાર્થીઓની લઘુત્તમ સંખ્યા ૫૦ રહેશે.

- ચારેય પરીક્ષાના પરીક્ષાર્થીઓની કુલ સંખ્યા ૫૦ હોય તો પણ કેન્દ્ર કરી શકશે.

(ખ) ધોરણ- ૬ થી શરૂ કરીને ઉચ્ચશિક્ષણ સુધીના કોઇ પણ વિદ્યાર્થીઓ તેમજ સામાજિક વ્યકિત આ પરીક્ષામાં ભાગ લઇ શકશે.

(ગ) એક વર્ષમાં એક સાથે સોપાન ક્રમે સૌપ્રથમ પ્રવેશિકા અને પ્રદીપિકા ત્યારબાદ જ પ્રમોદિકા અને પ્રવાહિકા એમ બે પરીક્ષાઓ સાથે આપી શકાય.

3843
આ-૨

Scanned with CamScanner

## <u>પંજીકરણ (Registration) પ્રક્રિયા</u>

સૌ પ્રથમ Google Playstore માં જઇને संस्कृतगौरवपरीक्षा એપ્લિકેશન ડાઉનલોડ કરી ઇ-મેઇલ આઇડીથી લોગીન કરવું. ત્યાર બાદ Register as Institute પર ક્લિક કરવાથી "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" સંબંધી માહિતી અને સૂચનાઓ જોવા મળશે અને સૌથી નીચે Continue બટન પર ક્લિક કરવાથી ફોર્મ ખુલશે. ફોર્મ સંપૂર્ણ ભરાઇ ગયા બાદ Register and pay fee ક્લિક કરવાથી પેમેન્ટનું ઓપ્શન આવશે. તેમાં એટીએમ કાર્ડ, યુપીઆઇ, ગુગલ પે વગેરે દ્વારા પેમેન્ટ કરવાનું રહેશે. પેમેન્ટ થઇ ગયા બાદ આપને My Registration માં Waiting for confirmation નો સંદેશ બતાવશે. તેમાં "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" કાર્યાલય દ્વારા ૨૪ કલાકની અંદર આપના રજિસ્ટ્રેશનની પુષ્ટી કરવામાં આવશે. ત્યાર બાદ આપ પરીક્ષાર્થીઓના નામની યાદી (Excel File) અપલોડ કરી શકશો. તેમજ જુના પરીક્ષાર્થીઓની યાદી ડાઉનલોડ કરવી વગેરે પ્રક્રિયાઓ કરી શકશો.

ખ) અંતિમ દિનાંક સુધીમાં રજીસ્ટ્રેશન કરી દેવું. ત્યારબાદ રજીસ્ટ્રેશન થઈ શકશે નહિ.

ઘ) યાદીમાં જે પરીક્ષાર્થીનું નામ લખેલ હશે, તે જ નામનું પ્રમાણપત્ર લખવામાં આવશે. તેથી યાદીમાં પરીક્ષાર્થીનું પૂરું નામ, પિતાજીનું નામ અને છેલ્લે અટક લખવી.

## <u>સંસ્થા માટે પરીક્ષા શુલ્ક</u>

1.प्रवेशिका रू 60, 2.प्रदीपिका रू 60, 3.प्रमोदिका रू 60, 4.प्रवाहिका रू 60

(કેન્દ્રસંયોજકને પોતાના કેન્દ્રના પરીક્ષાના શુલ્કમાંથી પરીક્ષાર્થી દીઠ ખર્ચ લેખે રૂ. ૧૦ આપવામાં આવે છે. આ દસ રૂપિયા કેન્દ્ર સંયોજકના વ્યય, Excel ફોર્મેટ તૈયાર કરવા, ટપાલ, નિરીક્ષક પુરસ્કાર વગેરે વ્યવસ્થા માટે છે.) પંજીકરણ થઈ ગયા બાદ કાર્યાલયમાંથી પુસ્તકો ટૂંક સમયમાં મોકલવામાં આવશે.

## <u>પરીક્ષા</u>

ચારેય પરીક્ષાઓ O.M.R. પધ્ધતિથી લેવામાં આવશે. કુલ ૫૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્નના ૦૨ ગુણ રહેશે.

## <u>પરિણામ અને પ્રમાણપત્ર</u>

(ક) ઉત્તીર્ણતા માટે ૪૦ ગુણ રહેશે. ઉત્તીર્ણ થનાર પ્રત્યેકને શ્રેણી અનુસાર પ્રમાણપત્ર આપવામાં આવશે. જેમ કે..

તૃતીય શ્રેણીઃ ૪૦ થી ૫૪

દ્વિતીય શ્રેણીઃ ૫૫ થી ૬૯

પ્રથમ શ્રેણીઃ ૭૦ થી ૮૪

વિશેષયોગ્યતાઃ ૮૫ થી ૧૦૦

(ખ) પરીક્ષા પુરી થયા પછી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પરીક્ષા કેન્દ્રના સરનામે સત્વરે મોકલવામાં આવશે. (પરીક્ષાને લગતા આપના અમૂલ્ય પ્રતિભાવો આવકાર્ય છે)

આપને આ પરીક્ષા બાબત કોઈ પણ પ્રશ્ન હોય તો નીચેના નંબર પર સંપર્ક કરવા વિનંતી.

<u>સંસ્કૃત ભારતી, ગુજરાત કાર્યાલય</u>

દૂરભાષ – ૦૭૯-૨૫૩૮૪૮૦૮, ડો.નૈતિક પ્રજાપતિ, સમય- સવારે ૧૦ થી ૬

Scanned with CamScanner

સંયોજક (ગુર્જર પ્રાન્ત), ડૉ. નિકુંજ પટેલ, (M) ૯૮૯૮૪૭૦૦૭૦
સંયોજક (સૌરાષ્ટ્ર પ્રાન્ત), પ્રણવ રાજયગુરૂ, (M) ૯૪૨૮૧૦૮૯૧૨
Email: sgpariksha@gmail.com

ઉક્ત સંદર્ભીત પત્રને ધ્યાને લઇ આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા તથા આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓના વધુમાં વધુ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા પ્રોત્સાહિત કરવા બાબતે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ રવાનાઃ-**

- અધ્યક્ષશ્રી, સંસ્કૃત ભારતી, "પાણિનીયમ" ૧૫, કલ્યાણબાગ, બળીયાકાકા માર્ગ, કાંકરિયા, કર્ણાવતી, અમદાવાદ- ૩૮૦૦૨૮
- અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડ, ગ-૩ સર્કલ પાસે, સ્વમી વિવેકાનંદ વિદ્યાવિહાર કેમ્પસ, સેકટર- ૧૨, ગાંધીનગર

Scanned with CamScanner

जयशंकरः रावलः
अध्यक्षः

# गुजरात-राज्य-संस्कृत-बोर्ड, गान्धिनगरम्

(शिक्षण-विभागः)

ग-३ सर्कल, स्वामिविवेकानंद विद्याविहार कॅम्पस, सेक्टर १२, गान्धिनगरम्
Email : grsbg2020@gmail.com

जा. क्र. : 2023/30

दिनाङ्कः 04/07/2023

પ્રતિ,

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન

ગુ. રા. ગાંધીનગર

વિષય:પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ થી ૮ ના બાળકોને "સંસ્કૃત ગૌરવ પરીક્ષા"માં ભાગ લેવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે સંસ્કૃતભારતી સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત-સંલગ્ન વિવિધ પ્રવૃતિઓ દ્વારા સંસ્કૃત ભાષાના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરે છે. તે અંતર્ગત રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષાની સરળતા અને માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" પ્રકલ્પ ચાલી રહ્યો છે. જે અન્વયે ગુજરાત રાજ્યમાં પણ આ પરીક્ષાનું કાર્ય અમદાવાદથી ચાલી રહ્યું છે.

"સંસ્કૃત ગૌરવ પરીક્ષા" દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે યોજવામાં આવનાર છે.

આપના હસ્તકની પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ના બાળકો સ્વેચ્છાએ ભાગ લઇ શકશે, તે મુજબની આપની કક્ષાએથી જરુરી સૂચના આપવા વિનંતી છે.

(અધ્યક્ષ)
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગાંધીનગર

SMP



Scanned with CamScanner

Pan No. - AACTS4314H
ट्रस्ट रजी. नं. E / 12077 / AHMEDABAD
॥ॐ॥
संस्कृतभारती
"પાણિનીયમ"
15, કલ્યાણબાગ,
બળીયાકાકા માર્ગ,
કાંકરિયા, કર્ણાવતી
દિ: 01/07/2023

પ્રતિ,

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,

બ્લોક નં – 12/1, ડૉ જીવરાજ મહેતા ભવન,

ગુ.રા.ગાંધીનગર.

વિષય – સંસ્કૃતભારતી, ગુજરાત સંચાલિત સંસ્કૃત-ગૌરવ-પરીક્ષા અંગે રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓને પરિપત્ર થવા અંગે.

માનનીય સાહેબ,

જય ભારત સાથે જણાવવાનું કે આપશ્રી સંસ્કૃત-ભારતી અંગે પરિચિત હશો જ છતાં પણ સંસ્કૃતભારતી અને તેની પ્રવૃત્તિ વિશે કેટલીક બાબતો આપના ધ્યાને નમ્રપણે મુકવા માંગું છે.

સંસ્કૃતભારતી એ અખિલ-ભારતીય સંગઠન છે જે સંસ્કૃતના પ્રચાર-પ્રચારનું કાર્ય કરે છે અને સ્વૈચ્છિક સંગઠન છે. સંસ્કૃતિની ધરોહર એવી સંસ્કૃતભાષાનો આમ સમાજમાં વ્યાપ વધે તે માટે સંસ્કૃત સંભાષણની ઝુંબેશ ચલાવે છે સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે 21 દેશોમાં સંસ્કૃત સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કૃત ભાષાના સંવર્ધન અને સંસ્કૃત સંરક્ષણનું કાર્ય કરે છે.

'સંસ્કૃતભાષા અઘરી છે' એવી છાપ સમાજમાં ખાસ કરીને વિદ્યાર્થીઓના મનમાં છે. પરંતુ વિવિધ પ્રવૃત્તિ દ્વારા સંસ્કૃતભાષા સરળ છે અને સહેલાઈથી બોલી સમજી શકાય છે તેવો પ્રયત્ન આ સંસ્થા કરે છે. તે પ્રવૃત્તિના જ ભાગ રૂપે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધો- 6 થી 8 ના બાળકોને સંસ્કૃતભાષાની સરળતા અને માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં સંસ્કૃતગૌરવપરીક્ષાનો પ્રકલ્પ ચાલી રહ્યો છે તે અન્વયે ગુજરાત રાજ્યમાં પણ આ પરીક્ષાનું કાર્ય અમદાવાદથી ચાલી રહ્યું છે.

સંસ્કૃત-ગૌરવ-પરીક્ષા દર વર્ષે ચાર સ્તરે લેવાય છે. જેમાં પ્રવેશિકા, પ્રદીપિકા, પ્રમોદિકા, પ્રવાહિકા એમ ચાર પરીક્ષાનો સમાવેશ થાય છે.

'पाणिनीयम्' १५, कल्याणबाग, बळीयाकाका मार्ग, कांकरिया, कर्णावती ३८००२८ गुजरात दूरभाष: 079 25384808
Web : www.samskritabharati.in
Emil : gujaratsb@gmail.com

Scanned with CamScanner

સંસ્કૃત-ગૌરવ-પરીક્ષાના પુસ્તકો આકર્ષક મુખપૃષ્ઠ સચિત્ર, વ્યાવહારિક સંસ્કૃત શબ્દો, સંસ્કૃતગીતો તથા રોચક ભાષાશૈલીથી યુક્ત હોવાથી લોકભોગ્ય બન્યા છે. ઉપરાંત વિદ્યાર્થીઓના સંસ્કૃતના શાળાકીય અભ્યાસ પ્રમાણેનું પુસ્તકોનું આયોજન થયું હોવાથી સંસ્કૃતના અધ્યયનમાં પૂરક બની શકે તેમ છે. વળી પાઠ્યપુસ્તક જે વિદ્યાર્થી ઉમેદવારી નોંધાવે તેને નિ:શુલ્ક મળે છે. વિદ્યાર્થીએ માત્ર પરીક્ષાશૂલ્ક જ ભરવાનું છે. ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવે છે. જે કેન્દ્રમાં સૌથી વધારે વિદ્યાર્થીઓની સંખ્યા થાય તેવા પ્રથમ ત્રણ કેન્દ્રોને માનનીય રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી કે શિક્ષણ મંત્રીશ્રી ના હસ્તે જાહેર સન્માન કરવામાં આવે છે.

આ વર્ષે આ પરીક્ષા તા. 09/12/2023 ને શનિવારના રોજ લેવાનાર છે અને પ્રવેશપત્રો ભરીને મોકલવાની છેલ્લી તારીખ 04/10/2023 છે. જે આપ સાહેબશ્રીની જાણ માટે.

ગત વર્ષે આપના સહકારથી સમગ્ર ગુજરાતમાંથી 41,868 (એકતાળીસ હજાર આઠસો અડસઠ) જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જે બદલ સંસ્થા આપનો આભાર માને છે.

આ વર્ષે પણ રાજ્યની ઉચ્ચતર પ્રાથમિક શાળાઓને સ્વેચ્છાએ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા સંબંધી આપના તરફથી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીઓ અને જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓને પરિપત્ર થવા નમ્ર વિનંતી છે.

આ સાથે પરીક્ષાના પુસ્તકો, પરીક્ષાનું માહિતી પત્રની નકલ સામેલ છે, જે આપ સાહેબને વિદિત થવા વિનંતી.

સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

બિડાણ -

-બ્રોસર

-પરીક્ષાની વિગતો

અધ્યક્ષ

સંસ્કૃત ભારતી, ગુજરાત

Scanned with CamScanner

## સંસ્કૃત ગૌરવ પરીક્ષા પુરસ્કાર વિતરણ કાર્યક્રમ









## પરામર્શક મંડળ

મહામહોપાધ્યાય શ્રી ભદ્રેશદાસસ્વામીજી
- અક્ષરધામ નવી દિલ્હી
સ્વામીશ્રી મુદિતવદનાનંદ સરસ્વતીજી
- આનંદ આશ્રમ, નડિયાદ
પ્રા.શ્રી ગિરીશભાઈ ઠાકર
-ઉપાધ્યક્ષ, અ.ભા.ઇતિહાસ સંકલન સમિતિ
શ્રી ભાગ્યેશભાઈ ઝા
- નિવૃત્ત સચિવશ્રી, ગુજરાત સરકાર
અધ્યક્ષ, સાહિત્ય અકાદમી, ગાંધીનગર
શ્રી સાંઈરામ દવે
કેળવણીકાર, શિક્ષણવિદ્, હાસ્ય કલાકાર
શ્રી મહેશભાઈ રામાણી
ટ્રસ્ટી શ્રી, આશાદીપ ગૃપ ઓફ સ્કૂલ્સ, સુરત

## સમિતિ

અધ્યક્ષ - શ્રી મનોજભાઈ ઉપાધ્યાય
સંયોજક - ડૉ. નિકુંજ પટેલ
સંયોજક - શ્રી પ્રણવ રાજ્યગુરુ
કાર્યાલય સંયોજક - ડૉ. નૈતિક પ્રજાપતિ

નોંધ - સમિતિના અન્ય સદસ્યોના નામ 'संस्कृतगौरवपरीक्षा' એપ્લિકેશનમાં વિગતવાર આપેલ છે.

## સંસ્કૃત ગૌરવ પરીક્ષા શા માટે?

બાલ્યકાળથી સંસ્કૃત પરિચય...
સામાન્યજન સંસ્કૃતાભિમુખ થાય.
સામાન્યજનને સંસ્કૃત પ્રત્યે પ્રેમ થાય.
ભવ્ય ભૂતકાળ જાણી શકાય.
આના થકી ભવિષ્ય પ્રતિ ચિંતન...
ભેદભાવ દૂર કરી સાંસ્કૃતિક પુનરુત્થાન...
સંસ્કૃત ફરીથી વ્યવહારભાષા બને.
સંસ્કૃતભાષાથી સમૃદ્ધિનું આગમન...
સંસ્કૃતભાષાની સરળતા તથા મધુરતાનો પરિચય.

ॐ

संस्कृतभारती - गुजरात - प्रेरिता

# संस्कृतगौरवपरीक्षा

પંજીકરણ માટે અંતિમ દિનાંક : ૦૪/૧૦/૨૦૨૩

પરીક્ષા દિનાંક : ૦૯/૧૨/૨૦૨૩, શનિવાર - સંભવિત











संस्कृतगौरवपरीक्षा
संस्कृतभारती
'पाणिनीयम्' 15, कल्याणबाग, बलियाकाकामार्ग
कांकरिया, कर्णावती 380028
079 - 25384808
Web : samskritabharati.in
Email :sgpariksha@gmail.com
: 'संस्कृतगौरवपरीक्षा'

Scanned with CamScanner

સંસ્કૃતભારતી ગુજરાત દ્વારા છેલ્લા ૧૯ વર્ષોથી **'સંસ્કૃતગૌરવપરીક્ષા'** પ્રકલ્પ ચાલી રહ્યો છે. અનુક્રમે **'પ્રવેશિકા', 'પ્રદીપિકા', 'પ્રમોદિકા'** અને **'પ્રવાહિકા'** આ ચાર પરીક્ષાઓનું આયોજન પ્રતિવર્ષ થાય છે.

આપને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે સમગ્ર સમાજ માટે ખુલ્લા મૂકાયેલ આ પ્રકલ્પને શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક સંસ્થાઓ ઉપરાંત અનેક સંસ્કૃતાનુરાગીઓનો સહકાર મળ્યો છે. **'સંસ્કૃતગૌરવપરીક્ષા'**નાં પુસ્તકોનું આકર્ષક મુખપૃષ્ઠ, સચિત્ર વ્યાવહારિક સંસ્કૃતશબ્દો, સંસ્કૃત-ગીતો તથા ભાષાશૈલી રોચક હોવાથી લોકભોગ્ય બન્યાં છે.

આજ સુધી ગુજરાતના **૧,૨૦૦** કેન્દ્રો પરથી **૨,૮૦,૧૧૧** વિદ્યાર્થીઓ અને સંસ્કૃતાનુરાગીઓએ આ પરીક્ષાનાં માધ્યમથી સંસ્કૃતભાષાનું અધ્યયન કર્યું. હવે જનજન સુધી પહોંચવાનો આપણો સંકલ્પ છે. આ સંકલ્પપૂર્તિમાં સહાયરૂપ થવા માટે આપને નમ્ર વિનંતી.

## આપ આટલું કરી શકો !

- આપ શાળા-કૉલેજમાં અધ્યાપન કરાવતા હોવ તો આપની શાળા-કૉલેજના બધા જ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા પ્રોત્સાહિત કરી શકો.
- આપ કોઈ સ્વૈચ્છિક સંસ્થા, સંગઠન કે સંસ્કૃત પ્રેમીઓના સંપર્કમાં હોવ તો તેમના સુધી આ પરીક્ષાની માહિતી પહોંચાડી કેન્દ્રો ઊભાં કરવા સહાયક બની સંસ્કૃતિ-પૂજક બની શકો.
- આપ આપની શેરી, સોસાયટી કે સમાજમાં પણ આ કેન્દ્રનું આયોજન કરી શકો.
- આપનો આ પ્રયાસ સોનામાં સુગંધનું કામ કરશે.

## પરીક્ષા પ્રણાલી

ક) કેન્દ્રમાં પરીક્ષાર્થીઓની લઘુત્તમ સંખ્યા ૫૦ રહેશે.
- ચારેય પરીક્ષાના પરીક્ષાર્થીઓની કુલ સંખ્યા ૫૦ હોય તો પણ કેન્દ્ર કરી શકશે.

ખ) છઠ્ઠા ધોરણથી શરૂ કરીને ઉચ્ચ શિક્ષણ સુધીના કોઈ પણ વિદ્યાર્થીઓ તેમજ કોઈપણ સામાજિક વ્યક્તિ આ પરીક્ષામાં ભાગ લઈ શકશે.

ગ) અનુક્રમે પ્રવેશિકા અને પ્રદીપિકા તથા પ્રમોદિકા અને પ્રવાહિકા એમ બે પરીક્ષાઓ સાથે આપી શકાય.

## પંજીકરણ પહેલાની પ્રક્રિયા

**સંસ્થાએ ફોર્મ ભરતા પહેલા ધ્યાનમાં રાખવાની બાબતો.**

કેન્દ્ર સંયોજકે સૌ પ્રથમ પ્રત્યેક વિદ્યાર્થીઓનાં નામ, જન્મ તારીખ, મોબાઈલ નંબર અને કઈ પરીક્ષા આપવાની છે, તેની માહિતી એકત્ર કરી લેવી. પ્રત્યેક વિદ્યાર્થીઓની ફી પણ સંયોજકે મેળવી લેવી. પ્રત્યેક પરીક્ષા દીઠ કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે, તે નક્કી કરી લેવું.

ફોર્મમાં કેન્દ્રનું નામ, કેન્દ્ર સંયોજકનું પૂર્ણ નામ, ઈમેઈલ, મોબાઈલ નંબર, કેન્દ્રનું સરનામું, પીનકોડ નંબર અને પ્રત્યેક પરીક્ષાદીઠ કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. આટલી બાબતો ફોર્મ ભરતા પહેલા તૈયાર રાખવી.

## પંજીકરણ પ્રક્રિયા

સૌ પ્રથમ Google Playstore માં જઈને 'સંસ્કૃતગૌરવપરીક્ષા' એપ્લિકેશન ડાઉનલોડ કરી ઈ-મેઈલ આઈડીથી લોગઈન કરવું, ત્યારબાદ Register as institute પર ક્લિક કરવાથી સંસ્કૃતગૌરવપરીક્ષા સંબંધી માહિતી અને સુચનાઓ વાંચી સૌથી નીચે Continue બટન પર ક્લિક કરવાથી ફોર્મ ખુલશે. વિગતો અંગ્રેજીમાં સંપૂર્ણ ભરાઈ ગયા બાદ Register and Pay fee પર ક્લિક કરવાથી પેમેન્ટનું ઓપ્શન આવશે. તેમાં એટીએમ કાર્ડ, યુપીઆઈ, ગુગલ પે વગેરે દ્વારા પેમેન્ટ કરવાનું રહેશે. પેમેન્ટ થઈ ગયા બાદ આપને My Registration માં Waiting for confirmationનો સંદેશ બતાવશે. તેમાં સંસ્કૃતગૌરવપરીક્ષા કાર્યાલય દ્વારા ૨૪ કલાકની અંદર આપના રજિસ્ટ્રેશનની પુષ્ટી કરવામાં આવે ત્યાં સુધી વિદ્યાર્થીઓની યાદી માટેની એક્સેલ ફાઈલ ડાઉનલોડ કરી બધી વિગતો દેવનાગરી લીપિ / હિન્દીમાં ભરી તૈયાર રાખવી, ત્યારબાદ આપ પરીક્ષાર્થીઓના નામની યાદી (Excel File) અપલોડ કરી શકશો. તેમજ જુના પરીક્ષાર્થીઓની યાદી ડાઉનલોડ કરવી વગેરે પ્રક્રિયાઓ કરી શકશો.

એપ્લીકેશન ડાઉનલોડ કરવા QR Code સ્કેન કરો

## સંસ્થા માટે પરીક્ષા શુ

ક) (૧) **પ્રવેશિકા** ૬૦ (૨) **પ્રદીપિકા** ૬૦
(૩) **પ્રમોદિકા** ૬૦ (૪) **પ્રવાહિકા** ૬૦

ખ) દરેક કેન્દ્ર સંયોજકને પોતાના કેન્દ્રના પરીક્ષાના શુલ્કમાંથી પરીક્ષાર્થી દીઠ ખર્ચ લેખે રૂ. ૧૦/- આપવામાં આવે છે.
(આ દસ રૂપિયા કેન્દ્ર સંયોજકના વ્યય, Excel ફોર્મેટ તૈયાર કરવા, ટપાલ, નિરીક્ષક પુરસ્કાર વગેરે વ્યવસ્થા માટે છે.)

## પરીક્ષા

- ચારેય પરીક્ષાઓ O.M.R. પદ્ધતિથી લેવામાં આવશે. કુલ ૫૦ પ્રશ્નો રહેશે, દરેક પ્રશ્નના ૦૨ ગુણ રહેશે.

## પરિણામ અને પ્રમાણપત્ર

ક) ઉત્તીર્ણતા માટે ૪૦ ગુણ રહેશે. ઉત્તીર્ણ થનાર પ્રત્યેકને શ્રેણી અનુસાર પ્રમાણપત્ર આપવામાં આવશે.
જેમ કે...

| | | |
|---|---|---|
| તૃતીય શ્રેણી | : | ૪૦ થી ૫૪ |
| દ્વિતીય શ્રેણી | : | ૫૫ થી ૬૯ |
| પ્રથમ શ્રેણી | : | ૭૦ થી ૮૪ |
| વિશેષયોગ્યતા | : | ૮૫ થી ૧૦૦ |

ખ) પરીક્ષા પૂરી થયા પછી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પરીક્ષા કેન્દ્રના સરનામે સત્વરે મોકલવામાં આવશે.
(પરીક્ષાને લગતા આપના અમૂલ્ય પ્રતિભાવો આવકાર્ય છે.)

## પરીક્ષા સમયસારિણી

**દિનાંક** - ૦૯/૧૨/૨૦૨૩, **શનિવાર** (સંભવિત)
ક) પ્રવેશિકા, પ્રમોદિકા **૧૧:૩૦ થી ૧૨:૩૦**
ખ) પ્રદીપિકા, પ્રવાહિકા **૦૧:૦૦ થી ૦૨:૦૦**

## સંપર્કસૂત્ર

| | |
|---|---|
| સંયોજક (ગુર્જર પ્રાન્ત) | સંયોજક (સૌરાષ્ટ્ર પ્રાન્ત) |
| **ડૉ. નિકુંજ પટેલ** | **શ્રી પ્રણવ રાજ્યગુરુ** |
| મો.: ૯૮૯૮૪૭૦૦૭૦ | મો.: ૯૪૨૮૧૦૮૯૧૨ |

: ૦૭૯-૨૫૩૮૪૮૦૮ • સમય : સવારે ૧૦ થી ૫
Email : sgpariksha@gmail.com : સંસ્કૃતગૌરવપરીક્ષા

Scanned with CamScan